

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*ખરડે આબરૂ, શાંતિની ડોક મરડે જાય છે,*
*માથાં વાઢયાં, નાક કાપ્યાં ને રોજ કરડે જાય છે,*
*ભરડે જાય છે નિવેદનો આ છપ્પનની છાતી*
*વિના યુદ્ધે મરે સૈનિકો શહિદી એળે જાય છે...*

### હાઈકુ

*થયું સાબિત,*
*ખાલી ખખડે ઘણું -*
*લપોડ-શંખ...*

*લાગી ઉધઈ*
*ખોખલું કરી નાખ્યું,*
*સૈન્ય ને પણ...*

### ચિંતન

**અયમાત્મા નિત્યસિદ્ધઃ પ્રમાણે સતિ ભાસતે ।**
**ન દેશં નાડપિ વા કાલં ન શુદ્ધિ વાડપ્યપેક્ષતે ॥**

ઉપરોક્ત શ્લોક 'સંસૃક્ત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.'

પ્રમાણ હોય ત્યારે નિત્યસિદ્ધ એવો આ આત્મા સ્વયં પ્રકાશે છે ત્યારે તેને ન દેશની ન કાળની કે શુદ્ધિની પણ અપેક્ષા રહેતી નથી.

નાના નાના ક્રિયાકાંડ શુદ્ધિ-અશુદ્ધિ, વિધિ-વિધાન, આમ થાય - આમ ન થાય, વગેરે તો ઝીણો ઝીણો આગ્રહ રાખવો એ 'જ્ઞાન' નથી. જયારે આત્મા 'જ્ઞાની' થાય છે ત્યારે ઈશ્વર પ્રત્યેનો ભય દૂર થઈ જાય છે સ્વયં જ જ્ઞાન-પ્રકાશ અને પાવન થઈ જાય પછી એને શુદ્ધિ-અશુદ્ધિનો ભય રહેતો નથી.

### સુવિચાર

- પાપોથી બચવું હોય તો આંખે શરમનાં આંસુ લાવજો,
  પાપફળથી બચવું હોય તો આંખે પશ્ચાતાપનાં આંસુ લાવજો - **ધર્મલોક**
- જે રાજાને એનો પોતાનો જ જીવ વહાલો હોય એ કદી પ્રજાની ઢાલ બની શકતો નથી - **કૌશિક પંડ્યા**
- જયાં સુધી રક્ત સંબંધોમાં વિરક્તિ નથી આવતી ત્યાં સુધી ઉદાત્ત મનુષ્યત્વ જન્મતું નથી - **જનકલ્યાણ**
- સજ્જનો પોતાની ઉપયોગિતા પરિણામથી દર્શાવે છે શબ્દોથી નહીં - **શ્રીહર્ષ**
- જબ તક રાસ્તે સમજ મેં આતે હૈ, તબ તક 'લૌન ને કા વક્ત હો જાતા હૈ',
  યહીં જીંદગી હૈ - **એસ.એમ.એસ.**
- બુદ્ધિનો પ્રકાશ એવો છે કે અથડામણથી ઉત્પન્ન થાય,
  નફા-ખોટની બુદ્ધિ અથડામણથી આવે છે. બુદ્ધિએ અથડામણનો સરવાળો છે - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : આંખમાં ચૂનો કે એસિડ પડ્યો હોય તો આંખની અંદર ગાયનું ઘી આંજવાથી તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સાંઈઠ એક વરષ પહેલા સામાન્ય માણસ ગીતા, મહાભારત કે રામાયણ જેવા ગ્રંથો ગુજરાતી ભાષામાં છપાયો હોય તો સસ્તા ભાવે મળી શકતા ન હતા. સામાન્ય મધ્યમ વર્ગના માણસોનું પણ આ ગ્રંથો ખરીદવાનું ગજું ન હતું. ભિક્ષુ અખંડાનંદજી એ આ વાતનું દુઃખ રહેતું. ગુજરાતની જનતાના જીવનચરિત્રને માટે જરૂરી એવા આ ગ્રંથો ઉંચા દામ જોઈ તેમણે સસ્તાભાવે આ પુસ્તકો છાપીને વેચવા માટે 'સસ્તુ સાહિત્ય વર્ધક' સંસ્થાની સ્થાપના કરી. ભિક્ષુ અખંડઆનંદજીના આ ભગીરથ કાર્યને ગુજરાત કદી ભૂલી શકશે નહીં. આવું કાર્ય કરીને તેઓ જીવનપર્યંત પ્રશંસાથી દૂર જ રહ્યા હતા. એકવાર એક સજ્જન તેમણે મળવા આવ્યા અને તેમણે પ્રશંસા શરૂ કરી. સજ્જન બોલ્યા. 'આપે જે કાર્ય કર્યું છે તે કાર્ય તો કોઈ પ્રશંસા શરૂ કરી.' સજ્જન બોલ્યા. 'આજે કે કાર્ય કર્યું છે તે કાર્ય તો કોઈ ધનવાન કે રાજા કે ઉમરાવ ન કરી શકે તેવું મહાન કાર્ય છે. ગુજરાતનું અહોભાગ્ય છે કે આપ જેવા મહાન પુરુષ ગુજરાતને મળ્યા છે.' ભિક્ષુ અખંડ આનંદને આવું સાંભળવું ગમ્યું નહીં. તેમણે સજ્જનને ચૂપ કરવા કહ્યું, 'આટલી બધી પ્રશંસાને હું પાત્ર નથી. મેં કંઈ બહુ મોટી ધાડ નથી મારી. આપણા ગ્રંથો જેવા કે ગીતા, મહાભારત, કે પુરાણો. તે આપણી સંસ્કૃતિની ધરોહર છે. એ જ ગ્રંથોને લોકોને પોષાય તેવી સસ્તી કિંમતે છાપ્યો છે. એથી વિશેષ મારું કોઈ યોગદાન નથી. એટલે તમે મારી પ્રશંસા ન કરો.' પેલા સજ્જન આવી વાત સાંભળી હે હાથ જોડી નમસ્કાર કરી પાછા વળ્યા.

# હવે તો હદ પણ વટાવાઈ ચૂકી છે

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય સેના અને અર્ધલશ્કરી દળોને ટારગેટ કરીને છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન જે રીતે પાક પ્રેરિત આતંકવાદી પરિબળો કાળો કેર વરતાવી રહ્યાં છે. એની પરાકાષ્ઠા પુલવામામાં બનેલ સામૂહિક હત્યાકાંડ છે. ભારત હરહંમેશ એક ખાનદાન પાડોશીની જેમ વર્તાતું રહ્યું છે. પરંતુ પાકિસ્તાન એને ભારતની અંતર્નિહિત નબળાઈ માનીને એની મૂળ પ્રકૃતિ મુજબ જ ભારત વિરુદ્ધ પ્રોકસીવૉર લડતું રહ્યું છે. ઉરી કાંડ પછી ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવાની કોશિશ કરી હતી અને સર્જિકલ સ્ટ્રાઈકના નામે સરકારને જશ પણ મળ્યો હતો. તે વખતે એમ લાગતું હતું કે હવે પાકિસ્તનની સાન ઠેકાણે આવી જશે અને તેણે પાળી પોષીને મોટાં કરેલાં આતંકવાદી સંગઠનો પર એ નિયંત્રણ રાખશે. પરંતુ હિંદી ભાષામાં કહેવત છે કે વાતોનાં લાતોનાં હેવાયાં ભૂત વાતોથી નથી માનતા. પાકિસ્તાનમાં લોકશાહી તો નામની જછે. પાક આર્મી બાંગ્લાદેશવાળી વિસ્મરણીય હાર ભૂલી શક્યું નથી. એને ભારત પાસેથી એ હારનો બદલો લેવાની તીવ્ર ઝંખના રહ્યા કરે છે. આ બદલો સીધી લડાઈ કરીને લઈ શકાય એમ નથી, કારણ કે ૧૯૬૫, ૧૯૭૧ અને છેલ્લે વાજપેયી શાસન દરમિયાન કારગિલ લડાઈમાં એને ભારતે હરાવીને હેટ્રિક સરજી છે. આથી હવે છેલ્લા ઘણા વખતથી એ આતંકવાદીઓનું ઉછેર કેન્દ્ર બની ભારતમાં સતત ઘૂસણખોરી કરાવતું રહે છે. વારંવાર નાનાં મોટાં છમકતાં થતાં રહે છે અને લાઈન ઓફ કંટ્રોલ પર સામસામા તોપગોળા છૂટતા રહે છે. ભારતીય આર્મી પ્રો-એક્ટિવ નથી બની શકતું કારણ કે એના હાથ બંધાયેલા છે એને ડગલે ને પગલે દિલ્હીના આદેશ લેવા પડે છે. છેલ્લે ઉરીની વિકરાળ ઘટના બાદ સરકારે આર્મીને સર્જિકલ સ્ટ્રાઈકની મંજૂરી આપી હતી. એથી પાકને બોધપાઠ મળ્યો હોત તો આ મોટું ઓપરેશન પાર પાડવાની ગુસ્તાખી ન કરત. જૈશે મોહમ્મદના લવરમૂછિયા છોકરડાએ પોતાની જાતને ઉડાવી દઈને સીઆરપીએફના કાપલાની બસને ટારગેટ કરી. બેશુમાર જાનહાનિ થઈ. આ ભારતીય પ્રજા સ્વાભિમાન ઉપરનો હુમલો છે. અહિંસામાં માનનારા સંતો પણ આવા જઘન્ય હુમલાનો જવાબ આપવાની જ ભલામણ કરશે. પરંતુ પાકિસ્તન તો હુમલાખોર કાશ્મીરી હતો અને કાશ્મીરમાં જ રહેતો હતો એવી દલીલ કરીને છૂટી જવા પ્રયાસ કરશે. શું કાશ્મીરી યુવાનોને ગુમરાહ કરવાની આતંકવાદી પ્રયોગશાળાઓ પાકિસ્તાનમાં નથી ચાલતી ? ભારત સરકારે આર્મીને એના સ્વાભિમાનના રક્ષણ માટે જે કંઈ પગલાં લેવાં હોય એની ખુલ્લી છૂટ આપી દેવી જોઈએ. દુનિયાને પણ લાગવું જોઈએ કે ભારતીય સેના જરૂર પડ્યે એનું અસલી રૂપ બતાવી શકે છે.

# હર તાકાતવર અપને સે કમ કો માર કે જીતા હૈ

*ચીંટી કો બિસ્તુઈયા ખા જાતા હૈ, બિસ્તુઈયા કો મેંઢક, મેંઢક કો સાપ નિગલ જાતા હૈ, નેવલા સાપ કો મારતા હૈ, ભેડિયા નેવલે કા ખૂન ચૂસ લેતા હૈ, શેર ભેડિયે કો ચબા જાતા હૈ, ઈધર હર તાકાતવર અપને સે કમ કો માર કે જીતા હૈ.*

*- અગ્નિપથ*



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

૧૯૯૦માં મુકુલ આનંદ દિગ્દર્શિત આ ફિલ્મથી કોણ અજાણ હોઈ શકે ? 'કલ્ટ કલાસિક' ગણાતી આ ફિલ્મે અમિતાભ બચ્ચનને 'નેશનલ એવોર્ડ' અપાવ્યો હતો. અમિતાભના પ્રયોગાત્મક અવાજમાં બાલાયેલ આ ડાયલોગ હમણાં જ જન્નતનશીન થઈ ગયેલા મર્હૂમ કાદરખાને લખ્યો છે. પોલીસ કમિશનર ગાયતોન્ડેને જીવ જોખમમાં ન નાખવા સમજાવવા જતી વખતે અમિતાભના મુખે જીવનનું આ અમીટ સત્ય કહેવાયું છે.

આવું જ અમીટ સત્ય લગભગ ૧૦૦૦ વર્ષ પહેલાં ભારતીય ઈતિહાસ - લેખનમાં પ્રમાણિત થયેલી પહેલી પ્રામાણિક કૃતિ 'રાજતરંગિણી'માં કહેવાઈ ચૂકી છે. કવિ કલ્હણ દ્વારા રચિત આ કૃતિનો સમય ૧૧૪૭થી ૧૧૪૯ વચ્ચેનો મનાય છે.

**તીર્થસ્થિતઃ સ્વકુલજાન્ તિમિરત્તિ ભુડ્કતે -**
**મૌની બકસ્તિમિમુપેત્ય વનાન્તવાસી ।**
**વ્યાધોનિહન્તિ તુ બકં પ્રભવન્તિ તે તે**
**પાત્રાણ્યુપર્યુપરિ વચ્ચનચુચ્ચુતાયા : ॥**

જલમાં રહેતી તિમિ (મત્સ્ય) પોતાના કુળવાઓને ખાઈ જાય છે,તિમિ (મત્સ્ય) ને જંગલનો શાણો બગલો આહાર બનાવી લે છે, શિકારી તે બગલાને હણી કાઢે છે. બધા એકબીજાથી વધારે છેતરપીંડીમાં - ઠગાઈમાં શેર પર સવાશેર બને છે.

છે ને બાકી ! કલ્હણથી કાદરખાન... શેર માથે સવા શેર..

'રાજતરંગિણી' (રાજાઓની નદી) - 'રાજાઓનો સમય પ્રવાહ' નામક આ ગ્રંથ કવિતા રૂપે મળી આવે છે. મહાભારત કાળ પછીના સમયથી આ પુસ્તકમાં ઈતિહાસ આલેખિત થયો છે. આ પુસ્તકના મત પ્રમાણે કાશ્મીરનું નામ 'કાશ્યપમેરુ' હતુ, જે બ્રહ્માના પુત્ર મરીચિના પુત્ર હતા.

૧૯મી શતાબ્દીનાં ઉત્તરાર્ધમાં ઔરેલ સ્ટેઈન (Aurel Stein) એ પંડિત ગોવિંદ કૌલની સહાયથી રાજતરંગિણીનો અંગ્રેજી અનુવાદ કરાવ્યો હતો.

- jayuoza@gmail.com, Mo. 9898046488

# રવિવારે ગઝલ સંગ્રહ 'પાંપણ વચ્ચે'નું વિમોચન અને લોકાર્પણ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં; કાર્યક્રમ 'વાર્તાવાચિકમ્, કાવ્યપઠન અંતર્ગત એક કાર્યક્રમ તા. ૧૭-૦૨-૨૦૧૯'ને રવિવારે, બપોરના ૧ થી ૪ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિખંડમાં સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. જેમાં કવિ સામંત સોલંકી, સ્વરચિત કાવ્યોનું પઠન કરશે, જયારે કવિ નિલેશ કાથડ, બૌદ્ધ ગુફાઓ વિષે માહિતી આપશે તથા પોતાની કવિતાનું પઠન પણ કરશે અને ત્યારબાદ આ રજૂઓ થયેલી કૃતિઓ અન્વયે પીઢ કવિઓ/ લેખકો વિચાર-વિમર્શ કરી, સમીક્ષા - વિવેચન કરશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા સંસ્થાના સભ્યો, સાહિત્ય રસિકો, ભાવકોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● ગાંધીનગર સાહિત્ય સભાના સંવર્ધક સભ્ય અને પૂર્વ કોષાધ્યક્ષ તથા નગરના ઊભરતા ગઝલકાર કિશોર જીકાદરાના દ્વિતીય ગઝલ સંગ્રહ 'પાંપણ વચ્ચે'નું વિમોચન અને લોકાર્પણનો સમારોહ તા. ૧૭-૦૨-૨૦૧૯ને રવિવારના રોજ, સાંજના ૪.૩૦ થી ૭.૩૦ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨ ખાતે, વરિષ્ઠ સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠકની અધ્યક્ષતામાં અને જાણીતા શાયર ડૉ. એસ.એસ. રાહી અને રન્નાદે પ્રકાશનના હંમેશ મોદીના વિશેષ પદેથી પ્રસિદ્ધ સાહિત્યકાર કવિ હર્ષદ ત્રિવેદીના કરકમળથી કરવામાં આવશે. કિશોરભાઈ જિકાદરાને શુભકામનાઓ.

- muljibhaidadhi@gmail.com

# લોકહૈયે સદાકાળ વસનારા : બા.જ. પટેલ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

કેટલાક લોકોની સ્મૃતિ ચિરંજીવી હોય છે. પ્રસંગોપાત આવા લોકોનું સ્મરણ સહેજે સહેજે અનેક લોકોને થયા કરે છે. કદાચ માનવીના જીવનની આ એક 'Hard earned' મૂડી છે. જનાબ ગની દહીંવાલાનો શેર યાદ આવે.

જિંદગીનો એજ સાચેસાચ
પડઘો છે ગની,
કે હોય ના વ્યક્તિને
એનું નામ બોલાયા કરે.

આવા પુણ્યશ્લોક લોકોની યાદી કરવા બેસીએ તો બાબુભાઈ જશભાઈ પટેલનું નામ તરતજ સ્મૃતિમાં આવે છે. ફેબ્રુઆરી માસ એ બા. જ. પટેલની જન્મજયંતિનો માસ છે. ગાંધીયુગની નક્ષત્રગંગાના આ ઉજ્વળ તારકની પાવક સ્મૃતિ હૈયાને હૂંફ આપી રહે છે. દર બે વર્ષે ગાંધીનગરમાં 'વાઈબ્રન્ટ ગુજરાત' નું આયોજન થાય. દેશ વિદેશના અનેક લોકો ગુજરાત અને ગાંધીનગરમાં આવે. આવા અનેક મહેમાનોને સહજ રીતેજ ગાંધીનગર શહેરની તથા તેના સુઆયોજનની વાત કરતાં સાંભળ્યા છે. આવા દરેક પ્રસંગે મનમાં ઊંડે ઊંડે પણ સૌજન્યની સાક્ષાત મૂર્તિ સમાન બા. જ. પટેલની યાદ આવ્યા કરે છે. અલબત્ત, ગાંધીનગરમાં છેલ્લા થોડા વર્ષોમાં ઘણી સવલતો ઉમેરાઇ છે. પરંતુ મૂળભૂત રીતે શહેરની બાંધણીનું જે આયોજન હતું તેના કારણે પછીનો વિકાસ શક્ય તથા સરળ બન્યો છે. નગર આયોજનના વિષયના અનેક સુજાણ લોકોનો પણ આવો મત સાંભળવા મળ્યો છે. આથી આ શહેરની સ્થાપના તથા વિકાસના પાયામાં પડેલા બા. જ. પટેલનું નામ અભિન્ન રીતે ગાંધીનગર શહેરના વિકાસની વાતમાં વીજળીના ચમકારા જેમ આવી જાય છે. આવા પાયાના કાર્યો કરનારા લોકો ભૂલાતા નથી. ડૉ. વિક્રમ સારાભાઈનું નામ આજે પણ વૈજ્ઞાનિક ક્ષેત્રની અનેક સંસ્થાઓની વાત કરીએ ત્યારે ચર્ચામાં ગૂંજતું રહે છે. આ બાબત સ્વાભાવિક પણ છે. ચરોતરની ભૂમિ એતો અનેક દિગ્ગજ લોકોની ભેટ સમાજના ચરણે ધરી છે. સરદાર સાહેબ ઉપરાંત રવિશંકર મહારાજ તથા બાબુભાઈ પટેલ પોતાના નિષ્ઠાપૂર્વકના જીવનકાર્યથી લોકહૈયે બીરાજેલા લોકો છે. આવા લોકોની સ્મૃતિ ટકાવી રાખવા માટે કદાચ કોઈ ખરા પ્રયાસ ન કરવામાં આવે તો પણ આવા પરગજુ મહાનુભાવોની સ્મૃતિ હમેશા ધૂપની જેમ અદ્રશ્ય રીતે અનેક હૈયામાં સૌરભ પ્રસરાવતી રહે છે. કાળ પણ આવા સુકૃત્યોના કરાનારા લોકોના પગલાની છાપ જતનથી જાળવે છે. કવિ રમેશ પારેખે લખ્યું છે :

'એવા કોઈ દરવેશ
કે જેના કાળ સાચવે પગલાં.'

બાબુભાઈ જશભાઈ પટેલ ગુજરાતના સમર્થ તથા લોકપ્રિય મુખ્યમંત્રી હોવા ઉપરાંત ગુજરાત રાજ્યના પાયાના ઘડવૈયા સમાન હતા. ગાંધીનગરની સ્થાપના તથા વિકાસતો તેમની સમગ્ર કારકિર્દીનો એક મહત્વનો છતાં નાનો હિસ્સો છે. જાહેર જીવનમાં બાબુભાઈને આગ્રહ કરીને પ્રવેશ કરાવનાર દ્રષ્ટિવાન મહાપુરુષ સરદાર પટેલનો બાબુભાઈની પસંદગીનો નિર્ણય માત્ર રાજ્યને નહિ પરંતુ દેશને પણ સર્વથા ઉપકારક નિવડ્યો. સમગ્ર દેશના સંદર્ભમાં બાબુભાઈના યોગદાનની પણ એક મહત્વની ભૂમિકા રહી છે. દેશમાં ૧૯૭૫ થી ૧૯૭૭ નો ગાળો તથા તેની અસરો વિશે અવારનવાર ચર્ચા થયા કરે છે. જ્યારે ભારતના અન્ય રાજ્યોમાં નાગરિકોના કેટલાક મૂળભૂત હક્કો પર રાજ્યનું નિયંત્રણ હતું ત્યારે ગુજરાત આ સ્થિતિમાં એક દ્વિપસમાન ઉન્નત શિરે બાબુભાઈની સરકારના વડપણ હેઠળ ઊભું રહ્યું હતું. પુરુષોત્તમ માવળંકર કે સી. ટી. દરૂ જેવા લોકોએ ગુજરાતના આ અભયારણ્યમાં રહીને બંધારણનું શાસન સર્વોચ્ચ રહે તે માટે અનેક રીતે તર્કબધ્ધ કાનૂની લડાઈ લડી હતી. આવા તમામ પ્રયાસો બા. જ. પટેલની સરકારની ઓથ સિવાય કરવાનું તે સમયે ઘણું મુશ્કેલ હતું. ગુજરાત વિધાનસભાના સુવિખ્યાત અને વિદ્વાન અધ્યક્ષ કુન્દનભાઈ ધોળકીયાએ નોંધેલી એક ઘટના યાદ કરવી ગમે તેવી છે. બાબુભાઈની જીવન પધ્ધતિની સુગંધ તેમાંથી મહોરે છે. કુન્દનભાઈ લખે છે :

"સન ૧૯૫૮માં બ્રિટનના વડાપ્રધાન હેરલ્ડ મેકમિલન હતા. તેઓ વડાપ્રધાન પદેથી છૂટા થયા અને બીજા દિવસે લંડન શહેરની બસની ક્યૂમાં ઊભા હતા. આપણે ત્યાં આવું બને ? યોગાનુયોગ ૧૨ માર્ચ ૧૯૭૬ના રોજ બાબુભાઈ મુખ્યમંત્રીના પદેથી ઉતરી ગયા. ત્યાર પછીના બે-ચાર દિવસમાંજ તેઓ ગાંધીનગરના બસ સ્ટેન્ડ પર અમદાવાદ જતી બસ પકડવા ઊભા હતા ! હવેની પેઢી માનશે નહિ કે આવો મુખ્ય પ્રધાન સદેહે ગુજરાતમાં જનમ્યો હોય ! " જીવનના દરેક વળાંકને સહજતાથી સ્વીકારી પોતાની આગવી જીવનશૈલી મુજબ જીવન વ્યતિત કરવાની આવી દ્રઢતા અને સ્વસ્થતા એ સહેજે જોવા મળે તેવી સામાન્ય ઘટના નથી. જેમણે

ગાંધીના માત્ર દર્શનજ નહિ પરંતુ ગાંધી વિચારને પચાવ્યા હોય તેઓમાંજ આવી સાદગી તથા નિર્લેપતાનું દર્શન થઈ શકે છે. કવિ ઉમાશંકર જોશીના શબ્દો યાદ આવે. સુવિધા અને સવલતોની પંગત પડી હોય ત્યારે આવા નિરાળા લોકો પંગતમાં છેલ્લેજ બેસતા હોય છે.

ને ધૂરા વહે જનતાની જે
અગ્રીણો
તે પંગતે હો સહુથીએ
છેલ્લા.

કુદરતની અમૂલ્ય ભેટ સમાન જળ – વાયુ કે જમીનની જાળવણી એ સાંપ્રત વિશ્વ સામે પડકારરૂપ બાબત બની છે. આવા મૂળભૂત તત્વોનો બગાડ કે તેનો દૂર ઉપયોગ એ ગાંધીને મન અક્ષમ્ય અપરાધ સમાન હતું. હતું. ગાંધીયુગની અસર હેઠળ વિકસેલા બાબુભાઈ જેવા લોકઆગેવાનના લોહીમાં આ વાત વણાયેલી હતી. રાજકોટ જિલ્લાની મારી કલેકટર તરીકેની કામગીરીના એક ભાગ તરીકે આ બાબત બાબુભાઈના જીવનમાં નજીકથી જોવા તથા અનુભવવાની તક મળી હતી. નર્મદા યોજનાની જમીન અંગેની એક બેઠક માટે બાબુભાઈ નર્મદા નિગમના ચેરમેન તરીકે રાજકોટ આવ્યા હતા. તેમના સરકીટ હાઉસમાં તેમના આગમન પછી પાણીથી છલોછલ ભરેલો એક ગ્લાસ તેમને સ્વાભાવિક ક્રમ તરીકેજ આપવામાં આવ્યો. બાબુભાઈએ તેમની સૌમ્ય તથા સરળ શૈલિમાં પાણીનો ગ્લાસ લાવનાર સહાયકને સંબોધીને ધીમા સ્વરે કહ્યું : " ભાઈ, મહેમાનને પાણીનો ગ્લાસ અડધો આપવો તે સારી ટેવ ગણાય. ઘણીવાર જરૂરથી વધારે પાણી આપવામાં આવે ત્યારે અડધા પાણીનો બગાડ થવાનો સંભવ છે. " આજના પાણીની વિશ્વવ્યાપી સમસ્યાના મૂળમાં આવી શીખની ઉપયોગિતા વધારે સંદર્ભયુક્ત લાગે છે. વાત કદાચ ઘણાને નાની કે ક્ષૂલ્લક પણ લાગે. પરંતુ તેનો સમગ્રતયા વિચાર કરીએ તો આ વાતનું મહત્વ સ્પષ્ટ થયા સિવાય રહે નહિ. પ્રિય બા. જ. પટેલની સ્મૃતિ ગુજરાતીઓના મનમાં સર્વકાળ સર્વકાળ રહેશે તે નિઃસંદેશ છે.

# સમાજનો અભ્યાસ કરવો હોય તો મહાત્મા ગાંધી ઉત્તમ સ્ત્રોત



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

સમાજશાસ્ત્રી એટલે સમાજ વિશે લખતો હોવો જોઈએ. ગાંધી એ શું લખ્યું? આપણે વિચાર કરીએ તો જવાબ એક જ લીટીમાં આવી શકે ગાંધીજીએ શું નથી લખ્યું? ગાંધીએ એટલું બધું લખ્યું છે ગાંધીએ મુખ્યપ્રવાહના શિક્ષણની અંદર વિદ્યાર્થીઓ સાથે પણ જોડાણ કર્યું છે અને તેમની સાથેના સંવાદો શિક્ષણમાં જોડવા માટેના ઉમદા વિચારો પણ આપ્યા છે, જ્યારે જ્યારે કેળવણીની વાત થાય ત્યારે ગાંધીએ તેમના પ્રયોગોને સમાજ જીવનમાં ચકાસવાનું પણ કામ કર્યું. મહાત્મા ગાંધીની આત્મકથાને જ આપણે જો કેન્દ્રમાં રાખી એ તો એક પુસ્તકમાં એ સમયથી સમાજ વ્યવસ્થાને સમજાવવાનો તેમણે પ્રયાસ કર્યો છે. ગાંધીજીની આત્મકથા ભારતીય સમાજને તો સમજાવવા માટે મદદરૂપ બને છે પરંતુ તેમણે તો દક્ષિણ આફ્રિકાના સમાજજીવનનું પણ સરળતાથી સમજી શકાય એવું ચિત્રણ કર્યું છે. 'ડાયસ્પોરિક' સમાજશાસ્ત્રીય અભ્યાસ અને તેના વિશ્લેષણની શરૂઆત જ ગાંધીએ કરી છે એમ આપણે કહી શકીએ. તેમની પાસે ત્રણેય ભાષાનું પ્રભુત્વ હતું. હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષાનું તેમનું જ્ઞાન તેમની સમાજશાસ્ત્રી તરીકેની કુશળતામાં વધારો કરનાર રહ્યું. તેમની પાસે કાયદા વિદ્યાશાખાના વિદ્યાર્થી તરીકેની પૃષ્ઠભૂમિ હતી તો સાથે સાથે દિવાનના દિકરા તરીકેનું સમાજીકરણ પણ હતું એટલે સામાજીક આંદોલનને વેગ આપવા માટે એમણે ખૂબ સરસ મજાનું કામ કર્યું છે.

સમાજશાસ્ત્રમાં આપણે લગ્ન, ધર્મ, કુટુંબ અને જ્ઞાતિ એ ચાર મહત્વની જ્ઞાતિ સંસ્થાઓની વિગતો વર્ગખંડમાં ભણાવીએ છીએ. ગાંધીએ એ જમાનામાં આ ચાર મહત્વની સામાજિક સંસ્થાઓની શું સ્થિતિ હતી એની વિગતો લખી છે. ચારેય સામાજિક સંસ્થાઓની ગુજરાતમાં કેવી સ્થિતિ હતી એનો ચિતાર પણ આપ્યો છે. આપણે જયારે સામાજિક ઈતિહાસ

**'ડાયસ્પોરિક' સમાજશાસ્ત્રીય વિશ્લેષણની શરૂઆત ગાંધીએ કરી છે**

ભણાવવાની વાત કરતા હોઈએ તો ૧૮મી અને ૧૯મી સદીથી માંડીને આઝાદી સુધી ગાંધી સિવાય કોઈ વ્યક્તિ કે વિજ્ઞાનીએ ભારતના સામાજિક ઈતિહાસને ગાંધીની જેમ સમજાવ્યો નથી. અને ગાંધીને જે સમજાયું છે તે બધું જ લખાયેલું છે, તેનું દસ્તાવેજીકરણ થયું છે ગાંધીએ લગ્ન હોય કે બાળલગ્ન હિન્દુ ધર્મના ધાર્મિક નિયમો અને સામાજિક નીતિ નિયમોને આધારે સામાજિક વાસ્તવિકતાનું નિરૂપણ કરેલું છે. અત્યારનું સમાજશાસ્ત્ર મૂલ્ય યુક્ત હોવું જોઈએ એવી જ્યારે આપણે ચિંતા સેવતા હોઈએ ત્યારે ગાંધીએ મૂલ્યયુક્ત લખાણોની ભેટ ધરી છે. ગાંધી એ રીતે 'એક્શન સોશિયોલોજિસ્ટ' છે. કોઈપણ મુદ્દા બાબતે તેઓ પોતાનો મત સ્પષ્ટ રીતે વ્યક્ત કરતા હતા. જો સમાજનો અભ્યાસ કરવો હોય અથવા તો સારા સમાજશાસ્ત્રી બનવું હોય તો ગાંધી ઉત્તમ સ્ત્રોત છે. ગાંધી દુનિયાભરમાં ફર્યા, હિન્દુસ્તાનમાં પણ ફર્યા એટલે તેમણે એક સમાજ વિજ્ઞાની જે મુક્તતાથી, પૂર્વગ્રહ રહિત માહિતી મેળવે, ચકાસે અને પછી રજુ કરે તેવી જ રીતે તેમણે કામ કર્યું છે. તેમનું સમાજશાસ્ત્ર અને તેની સમજણ તેમણે ચાર દીવાલો પૂરતી સીમિત રાખી નહીં પરંતુ સમાજને સમજવામાં અને સમજાવવામાં કામે લગાડી હતી. તેમણે કિસાનો, મહિલાઓ, બાળકો, યુવાનો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ વગેરે તમામ વર્ગનું પ્રતિનિધિત્વ પરંપરાગત ભારતીય સમાજમાં જોવા મળતું હતું તેમને પણ પોતાના અભ્યાસમાં સમાવ્યા હતા. તેથી તો 'ટાઈમ્સ' જેવું અમેરિકાનું પ્રતિષ્ઠિત મેગેઝીન પણ છેલ્લા એક હજાર વર્ષના શ્રેષ્ઠ મહામાનવ તરીકે મહાત્મા ગાંધીને રજૂ કરે છે. ગાંધીને સમાજશાસ્ત્રી તરીકે મૂલવતાં તેમણે રજૂ કરેલા સ્પષ્ટ વિચારો યથાતથ આ સાથે રજૂ થઈ શકે.

મહાત્માજીએ વારંવાર કહેલું કે એમનું કામ માત્ર ભારત માટે સ્વતંત્રતા મેળવવાનું નહીં પણ ભારત માટે સ્વતંત્રતા મેળવીને માનવજાત માટે બંધુત્વ હાંસલ કરવાનું હતું અને તેઓ સમગ્ર માનવજાતનું વ્યાપક હિત સિદ્ધ કરવામાં રોકાયેલ હતા.

ગાંધીએ માનવજાતના વ્યાપક હિતને લક્ષમાં લેતા વર્તમાન સમયના સહિષ્ણુતા અને અસહિષ્ણુતાના ગરમાગરમ મુદ્દાઓનો જાણે રામબાણ ઈલાજ બતાવવા હોય એવા વિચારો વ્યક્ત કર્યા હતા. સો ટચના સંપૂર્ણ સહિષ્ણુ એવા ગાંધીજીએ કહ્યું હતું કે 'ધર્મશાસ્ત્રો સત્ય અને બુદ્ધિની પાર ન જઈ શકે. એમનું કામ બુદ્ધિને નિર્મળ કરવાનું અને સત્યનો પ્રકાશિત કરવાનું છે.'

ગાંધી માત્ર વિચાર કરવામાં અને વાર્તા કરવામાં શૂરા હતા એવું ન હતું. તમામ ધર્મોના સારને એક કરવાનો પૂરી ધાર્મિક અદબ સાથે પ્રયત્ન કર્યો હતો. એક તરફ સત્ય અને બુદ્ધિની પાર ધર્મશાસ્ત્રો ન જઈ શકે એમ સ્પષ્ટ કહેવા છતાં તેમણે એવું પણ કહ્યું હતું કે આપણા દરેક કાર્યમાં ધર્મ હોવો જોઈએ. ધર્મ તો બધાને સંકલિત કરે છે અને એમને વાસ્તવિકતા આપે છે.

અંતમાં ગાંધીની એક વાત : ગાધીએ લખ્યું છે 'મારા લખાણોમાં ઉદ્યમી અભ્યાસીને તેમજ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઈચ્છું છું કે મને સર્વકાળે એકરુપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ અટક્યો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારા બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે જો તેને મારા ડહાપણ વિશે શ્રદ્ધા હોય તો એક જ વિષયના બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.'